# પ્રસાર ભારતી
# પ્રાદેશિક સમાચાર વિભાગ, અમદાવાદ

તારીખ : 20-05-2022 સવારે : 7.00 થી 7.10

- ✓ વિશ્વ મધમાખી દિવસનો રાષ્ટ્રીય કાર્યક્રમ નર્મદા જિલ્લાના કેવડીયા ખાતે આજે યોજાશે. કેન્દ્રીય કૃષિમંત્રી નરેન્દ્ર તોમર આ કાર્યક્રમનું ઉદ્ઘાટન કરશે.
- ✓ પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કહ્યું છે કે વૈશ્વિક અવ્યવસ્થા વચ્ચે વિશ્વ ભારત પાસે નવી આશા રાખે છે.
- ✓ અમૃતસર- જામનગર ગ્રીનફિલ્ડ કોરિડોર 26 હજાર કરોડ રૂપિયાના ખર્ચે વિકસાવવામાં આવી રહ્યો છે.
- ✓ રાજ્યના બધા જ મહાનગરો, અને તાલુકાઓમાં ધોરણ નવથી 12ના વિદ્યાર્થીઓ માટે કારકિર્દી માર્ગદર્શન કાર્યક્રમો યોજાશે.
- ✓ મહેસાણા જિલ્લાના કડી સર્વ વિદ્યાલય ખાતે 11માં ખેલમહાકુંભ અંતર્ગત રાજ્ય કક્ષાની કરાટે સ્પર્ધાનો પ્રારંભ થયો છે.

વિશ્વ મધમાખી દિવસનો રાષ્ટ્રીય કાર્યક્રમ નર્મદા જિલ્લાના કેવડીયા ખાતે આજે યોજાશે. કેન્દ્રીય કૃષિમંત્રી નરેન્દ્ર તોમર આ કાર્યક્રમનું ઉદ્ઘાટન કરશે.

શ્રી તોમર આજના કાર્યક્રમમાં પાંચ રાજ્યોમાં સાત સ્થળોએ મધ ચકાસણી કેન્દ્ર અને પ્રોસેસીંગ યુનિટનું ઉદ્ઘાટન કરશે.

આ કાર્યક્રમનો મુખ્ય ઉદ્દેશ મધમાખી ઉછેર પ્રવૃત્તિને પ્રોત્સાહન આપવાનો છે.

આ કાર્યક્રમ દરમિયાન મધમાખીની જાતો તથા આ ક્ષેત્રના ઉત્પાદનોને પ્રદર્શિત કરવા મધમાખી ઉછેરનારાઓ, પ્રોસેસર્સ તથા આ ક્ષેત્ર સાથે સંકળાયેલા હિતધારકો દ્વારા સ્ટોલ સાથેનું પ્રદર્શન યોજાશે.

મધમાખી ઉછેરનારાઓને વૈજ્ઞાનિક ઢબે માર્ગદર્શન આપવા ચર્ચા અને તકનીકી સત્રો પણ યોજાશે.

કેન્દ્રીય કૃષિ અને ખેડૂત કલ્યાણ મંત્રાલય દ્વારા આજના કાર્યક્રમનું આયોજન કરાયું છે.

.................

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કહ્યું છે કે વૈશ્વિક અવ્યવસ્થા વચ્ચે વિશ્વ ભારત પાસે નવી આશા રાખે છે.

વડોદરામાં સ્વામિનારાયણ મંદિર દ્વારા આયોજિત યુવા શિબિરને વીડિયો કોન્ફરન્સ દ્વારા સંબોધતાં શ્રી મોદીએ કહ્યું કે આપણે નૂતન ભારતના નિર્માણ અંગેના પ્રયાસો કરવાની સામૂહિક પ્રતિજ્ઞા લઈ રહ્યા છીએ. ત્યારે વૈશ્વિક અશાંતિ અને સંઘર્ષ વચ્ચે વિશ્વ શાંતિની નવી આશા સાથે ભારત તરફ દ્રષ્ટિ છે. ભારત પ્રાચીન પરંપરાઓ સાથે નવી ઓળખ મેળવીને આગળ વધી રહ્યું છે , ત્યારે સમગ્ર માનવજાતને નવી દિશા દર્શાવવી જોઈએ. શ્રીમોદીએ કહ્યું કે આપણે માનવજાતને યોગ અને આયુર્વેદની શક્તિનો માર્ગ બતાવી રહ્યા છીએ. સોફ્ટવેરથી લઈને અવકાશ સુધી નવા ભવિષ્યની રાહ જોઈ રહેલા રાષ્ટ્ર તરીકે ઉભરી રહ્યા છીએ. કોરોના સંકટ વચ્ચે વિશ્વમાં રસી અને દવાઓ પહોંચાડવાથી, આપણે આત્મનિર્ભર ભારતની આશા જગાવી છે.

તેમણે કહ્યું કે આ શિબિરનું આયોજન એવા સમયે કરવામાં આવ્યું છે જ્યારે આઝાદીના અમૃત મહોત્સવની ઉજવણી થઈ રહી છે. વડોદરામાં શ્રી સ્વામિનારાયણ મંદિર- કુંડલધામ અને શ્રીસ્વામિનારાયણ મંદિર કારેલી બાગ દ્વારા આ શિબિરનું આયોજન કરવામાં આવ્યું છે.

એક ભારત શ્રેષ્ઠ ભારત, આત્મનિર્ભર ભારત અને સ્વચ્છ ભારત જેવા અભિયાન દ્વારા યુવાનોને સમાજ સેવામાં અને રાષ્ટ્ર નિર્માણ તરફ જોડવાનો આ શિબિરનો ઉદ્દેશ્ય છે.

.................

માર્ગવાહન વ્યવહાર અને રાષ્ટ્રીય ધોરીમાર્ગ મંત્રી નીતિન ગડકરીએ કહ્યું છે કે અમૃતસર- જામનગર ગ્રીનફિલ્ડ કોરિડોર 26 હજાર કરોડ રૂપિયાના ખર્ચે વિકસાવવામાં આવી રહ્યો છે.

આ કોરિડોર નેશનલ હાઇવે ઓથોરિટી ઓફ ઈન્ડિયા દ્વારા વિકસાવવામાં આવેલ સૌથી મહત્વપૂર્ણ ગ્રીનફિલ્ડ કોરિડોર પૈકીનો એક છે. તેમણે કહ્યું કે , સંપૂર્ણ કોરિડોર આવતા વર્ષે સપ્ટેમ્બર સુધીમાં પૂર્ણ કરવાનું લક્ષ્ય છે.

શ્રી ગડકરીએ માહિતી આપી કે બિકાનેરથી જોધપુર 277 કિલોમીટરના સેક્શનને આ વર્ષના અંત સુધીમાં પૂર્ણ કરીને ખોલવામાં આવશે. શ્રી ગડકરીએ કહ્યું કે , આ કોરીડોરમાં અમૃતસર , ભટિંડા, સાંગરિયા, બિકાનેર, સાંચોર, સામખિયાળી અને જામનગરને જોડશે.

.................

સૌરાષ્ટ્રની ચાર નગરપાલિકાને પીવાનું પાણી ઘેર ઘેર પહોંચતું કરવાની યોજનાનો અમલ કરવા માટે 45 કરોડ નવ લાખ રૂપિયાની સૈદ્ધાંતિક મંજૂરી રાજ્ય સરકારે સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના હેઠળ ગઇકાલે આપી છે.

જેમાં માંગરોળ, વંથલી, ઓખા અને માણાવદરનો સમાવેશ થાય છે. ચારેય નગરપાલિકાને તેમના શહેરમાં 2051ના વર્ષમાં વસતિ કેટલી હશે તેના અંદાજ પ્રમાણે પાણી પુરવઠા યોજના તૈયાર કરવા કહેવાયું હતું અને ગુજરાત અર્બન ડેવલપમેંટ મિશન હેઠળ તેનું મૂલ્યાંકન કરાયું હતું.

માંગરોળ માટે ૨૨ કરોડ ૬૪ લાખ રૂપિયા, વંથલી માટે ૭ કરોડ ૨૧ લાખ રૂપિયા, ઓખા માટે ૫ કરોડ ૬૯ લાખ રૂપિયા અને માણાવદર માટે ૯ કરોડ ૫૫ લાખ રૂપિયા પાણી પુરવઠાનો પ્રબંધ કરવા માટે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ દ્વારા મંજૂર કરવામાં આવ્યા છે

.................

ગુજરાત રાજ્ય પાઠ્યપુસ્તક મંડળ દ્વારા નવ કરોડ રૂપિયાના ખર્ચે અમદાવાદમાં તૈયાર કરાયેલા ગ્રંથ મંદિરનું લોકાર્પણ કરવામાં આવ્યું છે.

શિક્ષણમંત્રી જીતુ વાઘાણીએ ગ્રંથ મંદિરનું લોકાર્પણ કરતા જણાવ્યું હતું કે, માનવીના સાચા મિત્ર એવા પુસ્તકો જીવન ઘડતરમાં ઉપયોગી નીવડે છે.

આ વાચનાલયમાં એક સાથે 100 જેટલા વાચકો પુસ્તકો વાંચી શકે તેવા A.C.ની સુવિધાવાળી વ્યવસ્થા અને અન્ય સુવિધાઓ ઉપલબ્ધ કરાવવામાં આવી છે.

વાચકો નજીવા દરે વાચનાલયનો ઉપયોગ કરી શકશે.

.................

આઝાદી કા અમૃત મહોત્સવ (પ્રોમો)

.................

રાજ્યના બધા જ મહાનગરો, અને તાલુકાઓમાં ધોરણ નવથી 12ના વિદ્યાર્થીઓ માટે કારકિર્દી માર્ગદર્શન કાર્યક્રમો યોજાશે.

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા આ માર્ગદર્શન કાર્યક્રમોનું આયોજન કરાશે. જેમાં ધોરણ 10 અને 12 પછી વિદ્યાર્થીઓને મળનાર વિવિધ અભ્યાસક્રમોની માહિતી તથા આધુનિક સમયમાં ઊભરી રહેલા નવા ક્ષેત્રોની માહિતી અપાશે.

આગામી પહેલી જૂનથી - 6ઠ્ઠી જૂન દરમિયાન યોજાનાર આ માર્ગદર્શન કાર્યક્રમોમાં નિષ્ણાંતો વિદ્યાર્થીઓને કારકિર્દી ઘડતર માટે ઓનલાઈન તેમજ ઓફલાઈન પદ્ધતિથી માર્ગદર્શન આપશે.

.................

મહેસાણા જિલ્લાના કડી સર્વ વિદ્યાલય ખાતે 11માં ખેલમહાકુંભ અંતર્ગત રાજ્ય કક્ષાની કરાટે સ્પર્ધાનો પ્રારંભ થયો છે.

આરોગ્યમંત્રી ઋષિકેશ પટેલે આ સ્પર્ધાનો આરંભ કરાવતાં જણાવ્યુ હતું કે, ખેલમહાકુંભના કારણે યુવા રમતવીરોને નવી તકો મળી છે.

તેમણે કહ્યું છે કે, રમતમાં મળેલી હાર આપણને વિનમ્રતા અને જીત આત્મવિશ્વાસના ગુણોનું સિંચન કરે છે.

ગુજરાત રમતગમત સત્તામંડળ અને મહેસાણા જિલ્લા વહીવટીતંત્રના સંયુક્ત ઉપક્રમે 22મી મે સુધી યોજાર રાજ્યકક્ષાની કરાટે સ્પર્ધામાં પંદરસો જેટલા સ્પર્ધકો ભાગ લઈ રહ્યા છે.

................

જામનગરમાં પંડીત દીનદયાલ અંત્યોદય યોજના રાષ્ટ્રીય ગ્રામીણ આજીવિકા મિશન હેઠળ સ્વસહાય જૂથો માટેના સામૂહિક લોન વિતરણ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું.

આ કાર્યક્રમ સાંસદ પૂનમ માડમના અધ્યક્ષ સ્થાને યોજાયો હતો. જેમાં જિલ્લાના 328 સ્વસહાય જૂથોને ત્રણ કરોડ 34 લાખ રૂપિયાના ધિરાણના ચેક અને મંજૂરી પત્રો તેમજ નવ ગ્રામ સંગઠનોને 67 લાખ 50 હજાર રૂપિયાની ગ્રાન્ટના મંજૂરી પત્રોનું વિતરણ કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે શ્રેષ્ઠ કામગીરી કરનાર બેન્ક સખી તેમજ બેકર્સનું પ્રમાણપત્ર આપીને સન્માન કરવામાં આવ્યુ હતું.

................

પાટણ મ્યુઝિયમ ખાતે વિશ્વ સંગ્રહાલય દિવસ નિમિત્તે સાંસ્કૃતિક કાર્યક્રમ યોજાયો.

આ કાર્યક્રમમાં સંગીત કલાકારો દ્વારા વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમ રજૂ કરી વિશ્વ સંગ્રહાલય દિવસની ઉજવણી કરવામાં આવી હતી.

અત્રે ઉલ્લેખનીય છે કે, પાટણમાં રાણીની વાવ રોડ પર પટોળા હાઉસની સામેના ભાગે મ્યુઝીયમ બનાવવામાં આવ્યું છે. જ્યાં પ્રાચીન પુરાતત્વીય અવશેષો અને વડનગર, સિદ્ધપુર, મોઢેરા સહિત પાટણ પંથકમાં આવેલા જોવાલાયક  સ્થળોની માહિતી સહિતની બાબતોના સંગ્રહ કરાયો છે.

વધુને વધુ લોકો રાજ્યના આ ભવ્ય ઇતિહાસ તેમજ વારસાથી માહિતગાર થાય તેમજ લોકજાગૃતિના ભાગરૂપે પ્રથમવાર આ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.

.................

શિક્ષણ વિભાગ દ્વારા વર્ષ 2022-23માં ધોરણ 10 પછીના ડિપ્લોમાં પ્રથમ વર્ષમાં પ્રવેશ માટે મહત્વપૂર્ણ નિર્ણય કરાયો છે.

કોઈપણ વર્ષમાં માન્ય બોર્ડમાંથી ગણિત, વિજ્ઞાન અને અંગ્રેજી વિષય સાથે ધોરણ 10 પછી તમામ ઉમેદવારોને ધોરણ 10પછીના ડિપ્લોમાં પ્રથમ વર્ષ માટે પ્રવેશ પાત્ર ગણવામાં આવશે.

NCVT અથવા GCVT દ્વારા માન્ય ITI, IGTR દ્વારા આયોજીત અથવા TEB દ્વારા માન્ય બે વર્ષના કોર્ષના પ્રમાણપત્ર ધારકો માટે નવા ડિપ્લોમા અભ્યાસક્રમોનો ઉમેરો કરાયો છે.

કોવિડના કારણે માતા-પિતા બંનેનું અવસાન થયું હોય તેવા બાળકો તથા અત્યંત પ્રતિભાશાળી બાળકોના કિસ્સામાં સંસ્થાદીઠ બે - બે બેઠકો ફાળવવામાં આવી છે.

.................

વિશ્વ તમાકુ નિષેધ દિવસની ઉજવણીના ભાગરૂપે અમદાવાદ ખાતે, ગઇકાલે રાજ્યકક્ષાનો કાર્યક્રમ યોજાયો હતો. જેમાં યુવાનોને તમાકુથી થતા નુકસાન અંગે જાગૃત કરી તેમના તમાકુ મુક્ત ભવિષ્યના નિર્માણ અંગે ચર્ચાવિચારણા કરાઈ હતી.

આ કાર્યક્રમમાં આરોગ્ય વિભાગ, પ્રાથમિક શિક્ષણ વિભાગ, રાજ્ય તમાકું, નિયંત્રણ સેલ, પોલીસ વિભાગ અને યુવાનો માટે કામ કરતી સંસ્થાઓએ ભાગ લઈ તમાકું વ્યસનના વ્યાપ નુકસાન, નિયંત્રણ કાર્યક્રમ અંગે વિચાર વિમર્શ કર્યો હતો.

ઉપરોક્ત સ્ટેન્ડ સ્ટીંગ અગેઇન્સ્ટ ટોબેકો - નામના સોશ્યલ મીડિયા કેમ્પેઇનનો પ્રારંભ કરાવ્યો હતો. આ કાર્યક્રમમાં 10 પ્રાથમિક શાળાઓને તમાકુ મુક્ત શાળા જાહેર કરી સન્માનિત કરાઈ હતી.

.................

અમદાવાદના વિક્રમ સારાભાઇ કમ્યુનીટિ સાયન્સ સેન્ટર બાળકોના મનમાં વૈજ્ઞાનીક બનવાનું વિચારબીજ રોપતી ઘણી મોટી સંસ્થા બની છે.

ગુજરાત યુનીવર્સીટીની સામે આવેલા વિક્રમ સારાભાઇ કમ્યુનિટિ સાયન્સ સેન્ટરમાં બાળકો માટે અત્યારે સમર વેકેશન વર્કશોપ ચાલે છે. વર્ષ ૨૦૨૦-૨૧માં આ સેન્ટરનો લાભ એક લાખ સાઇઠ હજારથી વધુ બાળકોએ લીધો તેમજ આઠ હજાર શિક્ષકો તાલીમબધ્ધ થયા છે.

સેન્ટરમાં એકઝીકયુટીવ ડીરેકટર દિલીપ સુરકર જણાવે છે કે એવા અનેક વિદ્યાર્થીઓ હશે જેમના મનમાં વૈજ્ઞાનીક કે ઇજનેર બનવાનું સ્વપ્ન આ સેન્ટરને કારણે સાકાર થયું હશે.

સેન્ટરે ૧૭૫ જેટલી સ્કુલ સ્પેશ કલબ વિકસાવવામાં પણ મહત્વની ભૂમિકા ભજવી છે.

.................

નાણા મંત્રી કનુભાઇ દેસાઇ અને કેન્દ્રીય રાજ્ય મંત્રી મહેન્દ્ર મુંજપરાની ઉપસ્થિતિમાં ધ્રાંગધ્રા ખાતે ૧ કરોડ ૨૦ લાખથી વધુના ખર્ચે પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડની વિભાગીય કચેરીનું  લોકાર્પણ કરાયું હતું.

આ પ્રસંગે પુર્વ મંત્રી આઇ.કે.જાડેજા અને ધારાસભ્ય  પરસોત્તમભાઈ સાબરીયા પણ ઉપસ્થિત રહ્યા હતા.

આ પ્રસંગે નાણાંમંત્રી કનુભાઇ દેસાઇએ જણાવ્યું હતું કે, , સમગ્ર ભારતમાં માથાદીઠ વીજ વપરાશ ૧૧૦૦ યુનિટ છે, જ્યારે ગુજરાતમાં આ માથાદીઠ વીજ વપરાશ ૨૧૦૦ યુનિટ છે.મંત્રીશ્રીએ ઉમેર્યું હતું કે, ધ્રાંગધ્રામાં નવનિર્મિત વિભાગીય કચેરીથી આ વિસ્તારના વીજ ગ્રાહકોને સારી સેવાઓ પૂરી પાડવામાં આવશે.

.................

સુરતની નવી સિવિલ હોસ્પિટલને "નેશનલ એક્રીડેશન બોર્ડ ફોર હોસ્પિટલ અને હેલ્થ કેર પ્રોવાઈડર્સ"નું સર્ટીફિકેટ આપવામાં આવ્યું છે.

આ સર્ટિફિકેટ મેળવનાર સુરત સિવિલ બીજી હોસ્પિટલ છે. આ પહેલા ભાવનગરને આ સર્ટિફિકેટ અપાયું હતું.

સુરત નવી સિવિલ હોસ્પિટલને મળેલ સર્ટીફીકેટ દર બે વર્ષે રીન્યુઅલ કરાવવું પડશે

.................

દાહોદની ઝાયડસ મેડિકલ હોસ્પિટલમાં નવીન 9 બેડ ધરાવતા ICU કેર યુનિટનું લોકાર્પણ કરવામાં આવ્યું.

ઉલ્લેખનીય છે કે કોવીડ સમયે હોસ્પીટલમાં 12 બેડ ધરાવતું ICU યુનિટ હતું,જેમાં 6 બેડ SICU તથા 6 બેડ ICCU ના હતા.હવે 24 બેડ ધરાવતું યુનિટ તૈયાર કરવામાં આવ્યુ છે. આ યુનિટમાં વેન્ટિલેટર, મલ્ટીપેરા મોનીટર, ઇંક્યુંબેટર, સિરીંજ પંમ્પ, નેબ્યુલાઈજર જેવી જીવન રક્ષક સુવિધાઓ ઉપલબ્ધ કરાવવામાં આવશે.

.................

વલસાડ સંકલિત બાળ વિકાસ નોડલ અધિકારીએ પ્રાથમિક તથા માધ્યામિક વિભાગમાંથી શાળા છોડેલા બાળકોને પુનઃ શાળા પ્રવેશ શરૂ કરવા અર્થે વર્ચુંયલ મિટિંગ આયોજિત કરી હતી.

આ મિટિંગમાં જિલ્લા નોડલ ઓફિસરની સાથે ગામના પ્રિન્સિપાલ ,શિક્ષકો અને શિક્ષણ અધિકારીઓએ જોડાયા હતા. જેમાં વલસાડ જિલ્લાના ૬ હજાર ૨૭૯ બાળકોની પ્રાથમિક યાદી તૈયાર કરવામાં આવી હતી. શાળા છોડેલા બાળકોના વાલીઓનું કાઉન્સેકલિંગ કરાયું હતું. વાલીઓ કપરી પરિસ્થિતી વચ્ચે બાળકોને પુનઃ શાળાએ મોકલવા સંમત થયા હતા.

.................

અરવલ્લી જિલ્લાના બાયડ ખાતે નિરાધાર મનોદિવ્યાંગને ઘર જેવો આશ્રય આપતી 'જય અંબે મંદબુદ્ધિ મહિલા સમાજ સેવા ટ્રસ્ટ'ની મુલાકાતે ગઇકાલે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ પહોંચ્યા હતા અને સંસ્થામાં રહેતા મનોદિવ્યાંગ લોકો સાથે

આત્મીયતાપૂર્વક વાતચીત કરી હતી. મુખ્યમંત્રીશ્રી પટેલને અહી સંચાલકોએ માહિતી આપી હતી કે જેમનું કોઇ વાલી-વારસ ન હોય તેવી ૩૫૦થી વધુ બહેનોને અહી આશ્રય અપાયો છે. શારીરિક રીતે અત્યંત અશક્ત હોય તેવી મહિલાઓને પણ અહીં લાવીને સેવા સારવાર અપાય છે. ઉપરાંત ૧૭૦ બહેનોને માનસિક રોગની દવા, હૂંફ, લાગણી, પ્રેમ પુરા પાડી સફળ રીતે પરિવાર સાથે મિલન કરાવવામાં આવ્યું છે, તેમ ટ્રસ્ટીઓએ જણાવ્યુ હતું .

.................

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે પોતાના ગઇકાલના પ્રવાસ દરમ્યાન અરવલ્લી અને ગાંધીનગર જિલ્લાની સમિક્ષા સ્થાનિક તંત્ર સાથે બેસીને કરી હતી અને રાજ્ય તથા કેન્દ્ર સરકારની ફ્લેગશીપ યોજનાનું અમલીકરણ સાર્થક બનાવો તેવી તાકીદ કરી હતી અરવલ્લીના બાયડ ખાતે એક સામાજિક કાર્યક્રમમાં હાજરી આપ્યા બાદ તેઓએ જિલ્લા વહિવટીતંત્રના અધિકારીઓ સાથે સમીક્ષા બેઠક યોજી હતી. ત્યારબાદ તેઓ ગાંધીનગર જિલ્લાના માણસા પહોચ્યા હતા અને માણસાથી માંડી કલોલ સુધીના વિસ્તારની લોક સમસ્યાઓ ઉકેલવા તંત્ર સાથે બેઠક કરી હતી. માણસા ખાતે મુખ્યમંત્રી શ્રી પટેલે લોકોને અપીલ કરી હતી કે પાણીનો બગાડ અટકાવે અને ભૂગર્ભ જળના તળ ઊંચા આવે તે માટે વરસાદનું પાણી જમીનમાં ઉતારવાની પ્રવૃતિ કરે. માણસા નગરપાલિકા વિસ્તારના નવ તળાવનું આંતરિક જોડાણ કરવા અંગે પ્રાથમિક અહેવાલ તૈયાર કરવાની સૂચના પણ તેમણે આપી હતી . કલોલ - માણસા હાઇવેનું કામ સત્વરે પૂરું કરવા ઉપરાંત માણસા નગરપાલિકા વિસ્તારમાં રિંગ રોડનું આયોજન પ્લાનિંગ સ્કીમમાં ઉમેરવા પણ તેમણે કહ્યું હતું . ગાંધીનગર જિલ્લાના વીજળી, પાણી, કાયદો-વ્યવસ્થા જેવા વિવિધ વિકાસલક્ષી મુદ્દાઓ અંગે અધિકારીઓ સાથે ચર્ચા-વિમર્શ પણ કર્યો હતો.

.................